# ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી

**(આઇ. એસ. ઓ. ૯૦૦૧:૨૦૧૫ પ્રમાણિત સંસ્થા),**

"સમૃધ્ધિ", ૪થો માળ, મક્કાઈ પુલ, નાનપુરા, સુરત – ૩૯૫ ૦૦૧

SGCCI

ફોન નં. ૨૨૯૧૧૧૧ ફેક્સ નં.૦૨૬૧–૨૪૭૨૩૪૦

E-mail : info@sgcci.in Website : www.sgcci.in

---

રેફ નં. તાઃ ૨૩/૪/૨૦૨૦

તંત્રીશ્રી, ______________________________, સુરત.

મે. સાહેબશ્રી,

જત નીચેની પ્રેસ નોટ આપના દૈનિકમાં પ્રસિદ્ધ કરી આભારી કરશોજ.

લિ.

આપનો વિશ્વાસુ,

(ખાતાકીય વડા)

---

# 'ધ ન્યૂ નોર્મલ' વિશે વેબીનાર યોજાયો

સુરત. ધી સધર્ન ગુજરાત ચેમ્બર ઓફ કોમર્સ એન્ડ ઇન્ડસ્ટ્રી અને ટાઇ– સુરતના સંયુકત ઉપક્રમે ગઇકાલે સાંજે ૫:૦૦ કલાકે 'ધ ન્યૂ નોર્મલ' વિશે વિડિયો કોન્ફરન્સ (વેબીનાર)નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં નિષ્ણાંત વકતા તરીકે ધ ઇન્ડિયન નેટવર્ક એન્ડ સ્ટાર્ટઅપ સ્ટુડીયોના ફાઉન્ડર એન્ડ સીઇઓ શ્રી રાહુલ નાર્વેકરે લોકડાઉન બાદ ઘણા બધા નવા બદલાવની સંભાવના વ્યકત કરી હતી. ખાસ કરીને ભારત વિશ્વમાં અન્ય દેશોની તુલનામાં સૌથી વધુ પ્રગતિશિલ બનશે એવી નવી સ્થિતિનું નિર્માણ થશે. ભારત સરકારની પ્રાથમિકતા કોરોનાથી લોકોને બચાવવાની છે અને ત્યારબાદ અર્થતંત્રને ફરીથી પાટા ઉપર લાવવા માટે સરકાર પ્રયાસ કરશે. આથી ઇકોનોમીને બુસ્ટઅપ થતા થોડો સમય લાગશે પણ ત્યારબાદ ભારત ખૂબ જ ઝડપથી પ્રગતિના પંથે આગળ વધશે એવા નવા બદલાવની સંભાવના તેમણે વ્યકત કરી હતી.

ચેમ્બરના માનદ્ મંત્રી ધીરેન થરનારીએ જણાવ્યુ હતુ કે, લોકડાઉન બાદ પરિસ્થિતિ કયારે અને કેટલી નોર્મલ થશે તે અત્યારે કહેવું મુશ્કેલ છે પણ નોર્મલ થશે ખરી તે ચોકકસ છે. આજના વકતાને સાંભળીને અત્યારની પરિસ્થિતિમાં કઇ રીતે નોર્મલ થઇ શકીશું તે અંગે માર્ગદર્શન મેળવીશું.

શ્રી રાહુલ નાર્વેકરે જણાવ્યુ હતુ કે, અમેરિકાએ લોકોને બદલે ઇકોનોમીને બચાવવા તરફ ધ્યાન આપ્યુ છે. પરંતુ ભારતની સરકારે પહેલા લોકોની જાન બચાવવા માટે પ્રયાસ કર્યો છે. લોકોને બચાવી લઇશું ત્યારબાદ ઇકોનોમીને પણ બચાવીશું તે દિશામાં સરકાર પ્રયાસ કરી રહી છે. લોકડાઉન બાદ લકઝરી વસ્તુઓની ખરીદીમાં વધારે ફરક નહી પડશે. પરંતુ રેસ્ટોરન્ટ, થીયેટર્સ અને ઓફલાઇન રિટેલ ટ્રેડર્સને લોકડાઉન પૂર્ણ થયાના છ મહિના સુધી નોર્મલ થવા લાગશે.

કોરોના અને લોકડાઉનને કારણે નવા બદલાવ દેખાઇ રહયાં છે. સ્વીગી, બિગ બાસ્કેટ અને ઝોમેટો વિગેરે ઇ–કોમર્સ ઓનલાઇન સર્વિસ પુરી પાડે છે. અત્યારે સપ્લાય ચેઇન અટકી ગઇ હોવાથી છેલ્લાં એક મહિનામાં કિરાણા સ્ટોર્સવાળાની ઇમેજ બદલાઇ ગઇ છે. કારણ કે અત્યારની પરિસ્થિતિમાં માત્ર તેમની દુકાનમાંથી જ લોકો ખોરાક માટેની જીવન જરૂરિયાતની વસ્તુઓ ખરીદી કરી રહયાં છે. આથી બિઝનેસ ફન્ડામેન્ટલ બદલાતા જઇ રહયાં છે. લોકો હવે ઓર્ગેનીક ફૂડની માંગ કરશે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, લોકડાઉનને કારણે વિશ્વના દરેક દેશો અત્યારે નેગેટીવીટીમાંથી પસાર થઇ રહયા છે ત્યારે માત્ર બે જ દેશો જેવા કે ભારત અને ચાઇના માટે પોઝીટીવ સ્થિતિ દેખાઇ રહી છે. જો કે, વિશ્વના અન્ય દેશો કોરોના વાયરસ બાદ ચાઇના સાથે વેપાર કરવા માટે ખચકાશે. જાપાન, યુએસએ અને જર્મનીના ઉદ્યોગપતિઓ હવે પોતાની ફેકટરીઓ અને કંપનીઓ ચાઇનામાંથી ભારતમાં ખસેડવાની તૈયારી કરી રહયાં છે. આ સંજોગો ભારત માટે વિશાળ તકો ઉભી કરશે.

શ્રી નાર્વેકરે વધુમાં જણાવ્યુ હતુ કે, જાપાન અને કોરિયન સરકાર દ્વારા મેન્યુફેકચરર્સ માટે આર્થિક પેકેજની જાહેરાત કરી છે. ભારતમાં પણ જો સરકાર દ્વારા ઉદ્યોગો માટે આર્થિક પેકેજની જાહેરાત કરવામાં આવશે તો આપણા દેશમાં પણ સારુ અને વિશાળ પાયા ઉપર ઉત્પાદન શકય બનશે. જેથી આપણે અન્ય દેશોમાં મોટાપાયા ઉપર એક્ષપોર્ટ કરી શકીશુ. ભારતને સ્ટેપ બાય સ્ટેપ આગળ વધવાને બદલે સીધી જમ્પ મારવાની તક મળી છે.

તેમણે વધુમાં જણાવ્યુ હતુ કે, દક્ષિણ ગુજરાતમાં નેશનલ બ્રાન્ડ ખૂબ જ ઓછા જોવા મળે છે. એટલે વેપારીઓએ પોતાની બ્રાન્ડ ઉભી કરવી જોઇએ. પ્રોડકટ સારી છે તો બ્રાન્ડ ઉભી કરી શકાશે. એના માટે જાહેરાત પાછળ રૂપિયા ખર્ચવા નહીં પડશે. સુરત ટેક્ષટાઇલ માટેનું હબ છે ત્યારે યુવા વર્ગ ફેશન તરફ વળ્યું છે. વાતાવરણ પ્રદુષિત નહીં થવુ જોઇએ તેને પણ હવે પ્રાથમિકતા આપવી પડશે. ફેશન માટે એથીકલ ફેબ્રિકસનો ઉપયોગ મહત્વનો બની રહેશે.

તેમણે કહયુ કે, એજયુકેશન સિસ્ટમમાં બદલાવ આવવાની શકયતા દેખાઇ રહી છે. અત્યાર સુધી સર્ટિફિકેટ માટે અથવા તો સારી નોકરી મેળવવા માટે શિક્ષણ લઇ રહયા હતા પણ શીખવા માટે કોઇ શિક્ષણ મેળવતા ન હતા. પહેલાં ફિલ્ટર ઓફ રિક્રુટમેન્ટ પ્રોસિજર માટે એજયુકેશન જરૂરી હતુ. પરંતુ હવે કંપનીઓ પોતાની રીતે કર્મચારીઓને સિલેકટ કરીને કામ પર રાખશે. ભવિષ્યમાં કદાચ સર્ટિફિકેટ ઉપર નહીં પણ વ્યકિતમાં કેટલી આવડત છે તેના ઉપર કંપનીઓનું ફોકસ રહેશે.

ટાઇ– સુરતના શ્રી રોહન દેસાઇએ વેબીનારનું સંચાલન કર્યુ હતુ. જયારે ચેમ્બરની ઇવેન્ટ્સ એન્ડ પ્રોગ્રામ્સ સેલના હેડ શ્રી મૃણાલ શુકલ, ચેમ્બરની સ્ટાર્ટઅપ પ્રમોશન કમિટીના ચેરમેન શ્રી સંજય પંજાબી તેમજ ટાઇ– સુરતના સીએ ગૌરવ સિંઘવીએ પ્રાસંગિક વિધી કરી હતી. અંતે ચેમ્બરના એકઝીબીશન સેલના કન્વીનર શ્રી હિરેન શાહે સર્વેનો આભાર માની વેબીનારનું સમાપન કર્યુ હતુ.